# કુટુંબ અને બાળ સેવાઓનો વિભાગ

## સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ – SNAP (પૂરક પોષણ સહાયતા કાર્યક્રમ) (ફૂડ સ્ટેમ્પ્સ)

# જ્યોર્જિયામાં

# જ્યોર્જિયામાં ફૂડ સ્ટેમ્પ પ્રોગ્રામ

**ફૂડ સ્ટેમ્પ પ્રોગ્રામ શું છે?**

સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (SNAP), જે ફૂડ સ્ટેમ્પ પ્રોગ્રામ તરીકે પણ જાણીતો છે, એ સંઘીય ભંડોળથી ચાલતો કાર્યક્રમ છે જે ઓછી આવક ધરાવતા પરિવારોને ખોરાકના ખર્ચની ચૂકવણીમાં મદદ કરવા માટે માસિક લાભો પૂરા પાડે છે. આ કાર્યક્રમ આરોગ્યપ્રદ આહાર અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે ઓછી આવક ધરાવતા પરિવારોને પોષણ શિક્ષણ પણ પૂરું પાડે છે, તેમજ બાળક વગરની એકલી પુખ્ત ઉંમરની વ્યક્તિઓને રોજગાર અને તાલીમની તકો પૂરી પાડે છે અને ઓછી આવક ધરાવતા પરિવારો અને સમુદાયોમાં ફૂડ સ્ટેમ્પ પ્રોગ્રામના લાભોને પ્રોત્સાહન આપવા બાહ્ય પ્રવૃત્તિઓ કરે છે.

**એક પરિવાર શું છે?**

એક પરિવારમાં એકલી રહેતી કોઇ વ્યક્તિ, એક કુટુંબ કે કેટલાક લોકો, સબંધ ના ધરાવતા વ્યક્તિઓ હોઇ શકે કે જેઓ એકસાથે રહેતા હોય અને નિયમિત રીતે ભેગા મળીને ખરીદી કરતા હોય અને રસોઈ બનાવતા હોય. ચોક્કસ કુટુંબીજનો અથવા વ્યક્તિઓ કે જેઓ ભેગા રહેતા હોય પણ નિયમિત રીતે ભેગા મળીને ખરીદી કરતા ન હોય અને રસોઇ બનાવતા ન હોય તેઓને પરિવારમાં સામેલ કરવા પડતા નથી. આવી વ્યક્તિઓ માટે કેસવર્કરને સોશિયલ સિક્યુરિટી નંબર, ઇમિગ્રેશન સ્ટેટસ અને નાગરિકતા આપવી પડતી નથી. કોઇ વ્યક્તિને પરિવારમાં સામેલ કરવો કે નહિ તે નિર્ણય સંઘીય નિયમનો પર આધારિત હોય છે.

**પરિવારને કેવા પ્રકારની અરજદાર સેવાઓ પૂરી પાડવામાં આવે છે?**

જો તમને આ અરજી ભરવામાં મદદની જરૂર હોય અથવા અમારી સાથે વાતચીત કરવામાં સહાયની જરૂર હોય, તો અમને કહો અથવા 1-877-423-4746 પર ફોન કરો. જો તમે બહેરા હોવ અથવા સાંભળવામાં સમસ્યા હોય, તો કૃપા કરીને GA રિલેને 711 પર કૉલ કરો. અમારી સેવાઓ નિઃશુલ્ક છે.

**ફૂડ સ્ટેમ્પ લાભ માટે કોણ અરજી કરી શકે છે?**

ફૂડ સ્ટેમ્પ લાભો માટે કોઇ પણ અરજી કરી શકે છે. આ કાર્યક્રમ મર્યાદિત આવક અને સંસાધન ધરાવતા પરિવારોને મદદ કરે છે. તેમાં અલ્પકાલિક કટોકટી અનુભવી રહેલા પરિવારો તેમજ ગરીબીના સ્તરે અને તેનાથી ઓછી આવક ધરાવતા પરિવારોનો સમાવેશ થાય છે.

**તમારે અરજી ક્યાં કરવી?**

દરેક કાઉન્ટી કુટુંબ અને બાળ સેવાઓના વિભાગ (DFCS)ની કચેરી ધરાવે છે. આ વિભાગ ફૂડ સ્ટેમ્પ લાભો માટેની અરજીઓ સ્વીકારે છે. તમારા સ્થાનિક વિભાગનું સરનામું અને ટેલિફોન નંબર શોધવા માટે તમારી ટેલિફોન બુકમાં કાઉન્ટી સરકાર વિભાગ જુઓ અથવા જ્યોર્જિયા હ્યુમન સર્વિસીસ (DHS) વિભાગની વેબસાઇટ **https://dfcs.georgia.gov/locations** જુઓ.

## તમે ક્યારે અરજી કરી શકો છો?

કુટુંબ અને બાળ સેવાઓના વિભાગની તમામ કચેરીઓ અઠવાડિક રજાઓ અને જાહેર રજાઓ સિવાય સોમવારથી શુક્રવાર સુધી ખુલ્લી હોય છે. કચેરીના કામકાજના કલાકો સામાન્ય રીતે સવારે 8:00 કલાકથી સાંજે 5:00 કલાક સુધી હોય છે. તમારા સ્થાનિક કાઉન્ટી ડિપાર્ટમેન્ટમાં તમારા વિસ્તારના કાર્ય-સમય માટે કૉલ કરો. ઓનલાઈન અરજીઓ જ્યોર્જિયા ગેટવે વેબસાઇટમાં સ્થાનિક કાઉન્ટી ઑફિસમાં ઉપલબ્ધ છે: https://gateway.ga.gov/access/

## અધિકૃત પ્રતિનિધિ કોણ હોય છે?

અધિકૃત પ્રતિનિધિ એવી વ્યક્તિ હોય છે જેને તમારા પરિવાર તમારા વતી ફૂડ સ્ટેમ્પ લાભો માટે અરજી કરવા, મેળવવા અને/અથવા ઉપયોગ કરવાની પરવાનગી આપે છે કારણ કે તમે તેમ કરવામાં અક્ષમ છો.

## તમે લાભો માટે અરજી કેવી રીતે કરી શકો છો?

લાભો માટે અરજી કરવા માટે પરિવારના વડા, પરિવારના કોઇ સભ્ય અથવા પરિવારનું પ્રતિનિધિત્વ કરતી અધિકૃત વ્યક્તિ સહાયતા માટે અરજી ભરી શકે છે. તમારા સ્થાનિક કાઉન્ટી કુટુંબ અને બાળ સેવાઓના વિભાગ અથવા DHS વેબસાઇટ પરથી અરજી મેળવી શકાય છે. અરજી કરવા માટે તમે કચેરીએ જઇ શકો છો, અરજી તમારા ઘરના સરનામા પર ટપાલ દ્વારા મોકલવા વિનંતી કરવા માટે તમે કચેરીને ફોન કરી શકો છો અથવા તમારા માટે ફોર્મ લાવી શકે તેવી કોઇ વ્યક્તિ તમે શોધી શકો છો. તમે www.dfcs.dhr.georgia.gov/foodstamps વેબસાઇટ પર મળતી કોરી અરજીની નકલ કરી શકો છો. ફોર્મ ભરીને તેને ટપાલ દ્વારા મોકલો અથવા ફેક્સ કરો અથવા તમારી સ્થાનિક કાઉન્ટી કચેરીને આપો.

## હું લાભો માટે ઓનલાઇન અરજી કેવી રીતે કરી શકું છું?

તમે જ્યોર્જિયા ગેટવે વેબસાઇટ મારફતે અહીં ઓનલાઇન ફૂડ સ્ટેમ્પ્સ માટે અરજી કરી શકો છો: https://gateway.ga.gov/access/ સ્થાનિક કાઉન્ટી DFCS ઑફિસમાં. ઓનલાઇન એકાઉન્ટ બનાવનારા અરજદારો તેમની અરજીની સ્થિતિ ચકાસી શકે છે અને ગેટવે પ્રિ-સ્ક્રીનીંગ ટૂલ દ્વારા અન્ય DHS કાર્યક્રમ માટે તેમની લાયકાત પણ ચકાસી શકે છે. વધુમાં, ગેટવે ફૂડ સ્ટેમ્પ પ્રાપ્તકર્તાઓને ઘર બદલવાનાં

સંજોગોમાં ફેરફારોની જાણ કરવા અને ઓનલાઇન તેમના લાભોનું નવીકરણ કરવા માટે પરવાનગી આપે છે.

**અરજી દાખલ કરેલી હોવાનું ક્યારે ગણાય?**

અરજી દાખલ ત્યારે કરી હોવાનું ગણાય જ્યારે અરજીમાં પરિવારના વડાનું નામ, સરનામું, તારીખ અને પરિવારના વડા અથવા પરિવારના અન્ય સભ્યએ સહી કરી હોય અને અરજી સ્થાનિક કાઉન્ટી વિભાગ દ્વારા સ્વીકારાયેલી હોય. કુટુંબ અને બાળ સેવાઓના વિભાગને અરજી રૂબરૂમાં, ટપાલ દ્વારા, ફેક્સ મારફતે અથવા ઓનલાઇન કરી શકાય છે. અરજી તમારા સ્થાનિક કાઉન્ટી કુટુંબ અને બાળ સેવાઓ વિભાગમાં ફાઇલ થયેલી *હોવી જોઇએ,* તમારી અરજી કોઇ પણ કુટુંબ અને બાળ સેવાઓનો વિભાગ સ્વીકારી શકે છે. તમારે આખી અરજી ભરવાનો પ્રયાસ કરવો જોઇએ. તમે તમારો ટેલિફોન નંબર અને/અથવા સરનામું જણાવો તે **ખુબ જ** મહત્ત્વનું છે જેથી DFCS ફોન પર તમારો સંપર્ક કરી શકે.

**અરજી દાખલ કર્યા પછી શું થાય છે?**

DFCS નાં કર્મચારી દ્વારા તમારો અથવા તમારા પરિવારના સભ્ય (અથવા તમારા પરિવાર માટે અરજી કરવા અધિકૃત કરવામાં આવેલી કોઇ વ્યક્તિ) નો ઇન્ટર્વ્યૂ લેવાનો રહેશે. જે વ્યક્તિ ઇન્ટર્વ્યૂ આપે તેઓ તમારા પરિવારની સ્થિતિ વિશે અચૂક જાણતા હોવા જોઇએ. એક ફોન ઇન્ટર્વ્યૂ અનિવાર્ય છે. વૃદ્ધ/વિકલાંગ વ્યક્તિ અથવા કચેરીએ આવવામાં સમસ્યા અનુભવતા વ્યક્તિઓનો ઇન્ટર્વ્યૂ ફોન પર, પૂર્વ-નિયોજીત ઘરની મુલાકાત કે કચેરીની મુલાકાત દ્વારા પૂર્ણ કરી શકાય છે. ઇન્ટર્વ્યૂ વિશે જાણવા તમારા સ્થાનિક વિભાગનો સંપર્ક કરો.

**ઇન્ટર્વ્યૂમાં શું થાય છે?**

કેસવર્કર તમારા પરિવારની આવક, સંસાધનો, ભાડું અથવા મોર્ગેજ અને ઉપયોગિતા (યુટિલિટી) ખર્ચ અંગે તમને સવાલો પૂછશે. ચોક્કસ પરિવારોને તબીબી ખર્ચાઓ, બાળસંભાળ અને બાળ સહાય ખર્ચાઓ અંગે પણ પૂછવામાં આવી શકે છે. તમારા પરિવારની પરિસ્થિતિનો પુરાવો જરૂરી છે, તેથી જો તમારી પાસે નીચેની માહિતી હોય તો તમારી સાથે લાવી શકો:

- તમારી ઓળખનો પુરાવો
- તમારી નાગરિકતાનો પુરાવો જેમ કે જન્મ પ્રમાણપત્ર, U.S. પાસપોર્ટ, હોસ્પિટલ રેકોર્ડ વગેરે.
- U.S. નાં નાગરિકો ન હોય તેવા લાભ મેળવવા અરજી કરનાર વ્યક્તિઓના ઇમિગ્રેશન પેપર્સ
- લાભ માટે અરજી કરતા વ્યક્તિઓના સોશિયલ સિક્યુરિટી નંબરો
- પરિવારના પ્રત્યેક સભ્યનો આવકનો પુરાવો (પગારની કાપલી, સોશિયલ સિક્યુરિટી અથવા વેટરન્સ એડમિનિસ્ટ્રેશન, બેકારી લાભો, કુટુંબ અથવા મિત્રોનું યોગદાન, બાળ સહાય વગેરે)
- છેલ્લા મહિનાની ભાડાની પહોંચ અથવા મોર્ગેજ ચૂકવણી બુક

* 60 વર્ષ અને તેથી વધુની ઉંમરના અને/અથવા વિકલાંગ વ્યક્તિઓ માટેના તબીબી બિલ્સ
* શાળામાં અથવા તાલીમમાં કામ કરતા માતા-પિતાના બાળકો માટે બાળસંભાળની રસીદો
* તમારી પરિસ્થિતિ પ્રમાણે વધારાની માહિતી અને પુરાવાની જરૂર પડી શકે છે.

તમે સૌપ્રથમ અરજી કરો ત્યારે જો તમારી પાસે તમામ માહિતી ના હોય તો જરૂરી પુરાવા પૂરા પાડવા માટે તમને ઇન્ટર્વ્યૂની તારીખથી 10 દિવસનો સમય આપવામાં આવે છે.

ઇન્ટર્વ્યૂમાં તમારા પરિવારના સંજોગોની સત્તાવાર અને ખાનગી ચર્ચા થાય છે. ઇન્ટર્વ્યૂ લેનારે માત્ર માહિતી એકઠી કરીને તેની સમીક્ષા ના કરવી જોઇએ પણ અસ્પષ્ટ અને અપૂર્ણ માહિતી તપાસવી અને ઉકેલવી જોઇએ.

તમારા પરિવારમાં જો કોઇ વ્યક્તિ અમને સોશિયલ સિક્યુરિટી નંબર અથવા ઇમિગ્રેશન સ્ટેટસ અથવા નાગરિકતા અંગે માહિતી આપવા ના ઇચ્છે તો, તે વ્યક્તિ ફૂડ સ્ટેમ્પ લાભો માટે લાયક નહીં રહે. તેમ છતાં પરિવારના અન્ય સભ્યો લાભો માટે લાયક હોઇ શકે છે.

સોશિયલ સિક્યુરિટી નંબર નહીં આપવાનું પસંદ કરનાર વ્યક્તિની ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી, યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસને જાણ કરવામાં આવતી નથી.

# શું તમે લાયક છો?

**તમે ફૂડ સ્ટેમ્પ્સ લાભો માટે લાયક હોઇ શકો જોઃ**

- તમે યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક હો અથવા ચોક્કસ કાનૂની એલિયન સ્થિતિ ધરાવતા હો
- તમે પરિવારની સ્થિતિના પુરાવા તરીકે જરૂરી તમામ દસ્તાવેજો પૂરા પાડો
- તમે અને/અથવા પરિવારના અન્ય સભ્યો કામની જરૂરિયાતોનું અનુપાલન કરો
- પરિવારની માસિક આવક તમારા પરિવારમાં રહેતા લોકોની સંખ્યાને આધારિત આવક મર્યાદા કરતા વધુ ના હોય
- ભાડું અથવા મોર્ગેજ ચૂકવણી, યુટિલીટી બિલ્સ અને કેટલાક કિસ્સાઓમાં તબીબી, બાળ સંભાળ અને બાળ સહાય ખર્ચાઓને લાયકાત નિર્ધારણ પ્રક્રિયામાં માન્ય રાખવામાં આવે છે જો આ ખર્ચાઓના પુરાવાઓ પૂરા પાડવામાં આવ્યા હોય.

**લાભો મેળવવામાં કેટલો સમય લાગે છે?**

અરજી દાખલ કર્યાની તારીખથી 30 દિવસની અંદર અરજીનો નિકાલ થવો જ જોઇએ અને લાભો ઉપલબ્ધ થવા જ જોઇએ. જો તમારા પરિવારની આવક નજીવી કે નગણ્ય હોય અને ચોક્કસ માપદંડ સંતોષતા હો, તો અરજીનો 7 દિવસની અંદર નિકાલ થવો જ જોઇએ અને લાભો ઉપલબ્ધ થવા જ જોઇએ. પરિવાર ફૂડ સ્ટેમ્પ લાભો માટે લાયક છે કે નહીં તે જણાવતી એક નોટિસ પ્રત્યેક પરિવારને મોકલવામાં આવે છે. જો લાયક હો, તો નોટિસમાં પરિવારને કેટલી રકમ મળશે અને ફરીથી અરજી કરતા પહેલા પરિવારને કેટલો સમય સુધી લાભો મળશે તે જણાવવામાં આવે છે.

**તમે કેટલી રકમ મેળવશો?**

તમારા પરિવારને મળતી લાભની રકમનો આધાર તમારા ફૂડ સ્ટેમ્પ પરિવારમાં રહેલા વ્યક્તિઓની સંખ્યા, પરિવારની આવકની રકમ અને અંદાજપત્રીય પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતી કપાતની રકમ પર રહે છે. અરજીની તારીખ પ્રથમ મહિનામાં પરિવારને મળતા લાભની રકમને અસર કરે છે. તમારો પરિવાર લાયક હોય ત્યાં સુધી લાભો દર મહિને આપવામાં આવે છે. તમારા EBT ખાતામાં રહેલા લાભોનો પૂરો ઉપયોગ ના થઇ જાય ત્યાં સુધી વાપરી શકાય છે, પછી ભલે તમારા ફૂડ સ્ટેમ્પ કેસ બંધ થઇ જાય.

**જો તમારા કેસ પર નિર્ણય અયોગ્ય આવ્યો હોવાનું તમે વિચારો તો તમે શું કરી શકો?**

જો તમે તમારા કેસ પર કરવામાં આવેલા નિર્ણયથી અસંમત હો તો તમને યોગ્ય સુનાવણી દાખલ કરવાનો અધિકાર છે. તમે તમારા સ્થાનિક કાઉન્ટી વિભાગને લખીને અથવા ફોન કરીને યોગ્ય સુનાવણી માટે વિનંતી

કરી શકો છો.જો તમે યોગ્ય સુનાવણીની વિનંતી કરવા માંગતા હો તો તમારી લાયકાતની નોટિસ મળ્યાના 10 દિવસની અંદર તમારે સ્થાનિક કાઉન્ટી વિભાગનો સંપર્ક કરવો જોઇએ.

**તમને ફૂડ સ્ટેમ્પ લાભો કેવી રીતે આપવામાં આવે છે?**

ઇલેક્ટ્રિક બેનિફિટ ટ્રાન્સફર (EBT) કાર્ડ અને પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (PIN)નો ઉપયોગ કરીને લાભો આપવામાં આવે છે.
જો તમે લાભો માટે લાયક છો અને ઘરના પ્રમુખ તરીકે ક્યારેય તે મેળવ્યા ન હોય, તો EBT કાર્ડ તમને મોકલવામાં આવશે. પરિવાર ખોરાક ખરીદવા માટે અધિકૃત સ્ટોર્સમાં EBT કાર્ડનો ઉપયોગ કરે છે. જ્યારે ચેક આઉટ કાઉન્ટર પર ખોરાક લાભ ખરીદીની કુલ રકમ નક્કી થાય ત્યારે તમે પોઇન્ટ ઓફ સેલ ડિવાઇસ મારફતે તમારું EBT કાર્ડ સ્વાઇપ કરો અને તમારો PIN એન્ટર કરો. ખરીદીની રકમ તમારી કુલ માસિક ફાળવણીમાંથી કપાય છે.

**ફૂડ સ્ટેમ્પ લાભોથી શું ખરીદવામાં આવે છે?**

લાભોનો ઉપયોગ માત્ર તમારા પરિવારની ખોરાકી જરૂરિયાતો માટે ખોરાક અને ખોરાક ઉગાડતા છોડ અથવા બિયારણની ખરીદી માટે કરી શકાય છે. લાભો દ્વારા એનસ્યોર જેવા ચોક્કસ ફૂડ સપ્લિમેન્ટ્સ ફૂડ સ્ટેમ્પ ખરીદી શકાય છે. બરફ, પાણી અને ઠંડા અથવા ઓરડાના તાપમાનવાળા ખોરાકો, જે સ્ટોરમાં લઇ શકાય તે માટે તૈયાર થયા ન હોય તો તેમને ફૂડ સ્ટેમ્પ લાભો દ્વારા ખરીદી શકાય છે.

**ફૂડ સ્ટેમ્પ લાભો દ્વારા શું ખરીદવામાં આવતું નથી?**

આલ્કોહોલ ધરાવતા પીણાં, સિગરેટ અથવા તમાકુ, સાબુ અને પેપર ઉત્પાદનો જેવી ઘર વપરાશની વસ્તુઓ, દવાઓ, વિટામિનો, પાળતુ પ્રાણીનો ખોરાક અથવા કોઇ પણ બિન-ખાદ્ય વસ્તુઓની ખરીદી માટે ફૂડ સ્ટેમ્પ લાભોનો ઉપયોગ કરી શકાતો નથી.

**તમે ફૂડ સ્ટેમ્પ લાભો ક્યાં વાપરી શકો છો?**

યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચરના ફૂડ એન્ડ ન્યૂટ્રિશન સર્વિસીસ દ્વારા અધિકૃત કરાયેલા સ્ટોર્સ ખાદ્ય પદાર્થો ખરીદવા માટે EBT ટ્રાન્ઝેક્શન્સ સ્વીકારી શકે છે. મોટા ભાગના સ્ટોર્સ ખાદ્ય ઉત્પાદનોની ખરીદી માટે ફૂડ સ્ટેમ્પ લાભોનો ઉપયોગ કરી શકાય છે, તેવું દર્શાવતા ચિહ્નો પૂરા પાડે છે.

**તમે ક્યાં સુધી ફૂડ સ્ટેમ્પ લાભો મેળવો છો?**

જો લાયક બનો, તો તમારો પરિવાર ફરી વાર અરજી કરે તે પહેલાં એક મહિનાથી એક વર્ષ સુધી ફૂડ સ્ટેમ્પ્સ મેળવી શકે છે. પ્રમાણપત્રના સમયગાળાના છેલ્લા મહિનામાં તમારા પરિવારને DFCS પાસેથી

એપોઇન્ટમેન્ટ લેટર મળવો જોઇએ. આ પત્ર તમને કહે છે કે તમારો પ્રમાણપત્રનો સમયગાળો પૂરો થઇ રહ્યો છે અને તમારા પરિવારે ફરીથી અરજી કરવી જ પડશે. જો આ પત્ર પર તમારો પ્રતિભાવ સમયસર મળે, જો તમારો પરિવાર હજુ પણ લાયક હોય તો તમારા લાભો ચાલુ રહેશે. જો તમે એપોઇન્ટમેન્ટ લેટરનો જવાબ ના આપો તો લાભો અટકી જશે.

**તમારા પરિવારે લાભો મેળવતી વખતે ક્યા ફેરફારોની જાણ કરવી પડશે?**

**સિમ્પલિફાઇડ રિપોર્ટિંગ પરિવારો** - જ્યોર્જિયાના તમામ ફૂડ સ્ટેમ્પ પરિવારો સિમ્પલિફાઇડ રિપોર્ટિંગ જરૂરિયાત હેઠળ આવરી લેવાયા છે. આનો અર્થ થાય કે તમારે માત્ર તો જ જાણ કરવી પડે જ્યારે તમારી કુલ માસિક આવક તમારા પરિવારના કદ માટે સંઘીય ગરીબી સ્તરના 130%થી વધી જાય.

તમારા કેસવર્કર તમને આ જરૂરિયાત સમજાવશે. તમે ફેરફારોની જાણ DFCS કોલ સેન્ટર પર 1-877-423-4746 નંબર પર અથવા www.dfcs.dhr.georgia.gov/foodstamps પર કરી શકો છો.

**તમારી જવાબદારીઓ શું હોય છે?**

- તમારે તમામ સવાલોનો સંપૂર્ણ રીતે જવાબ આપવો જ જોઇએ.
- તમારા તમામ જવાબો સાચા છે તે પ્રમાણિત કરવા માટે ખોટી જુબાનીના દંડ હેઠળ તમારે સહી કરવી જોઈએ.
- તમે લાયક છો તેનો પુરાવો તમારે આપવો જોઈએ.
- પરિવારના સંજોગોમાં ફેરફારની જાણ કરો.
- તમારા ફૂડ સ્ટેમ્પ લાભ વેચવા નહીં, વેપાર ન કરવો કે બીજાને આપવા નહીં.
- માત્ર લાયક વસ્તુઓની ખરીદી માટે જ ફૂડ સ્ટેમ્પ લાભોનો ઉપયોગ કરો.

**નિયમોના ભંગ માટે શુ દંડો છે?**

જો તમે જાણી જોઈને ખોટી માહિતી પૂરી પાડશો તો તમે તમારા લાભો ગુમાવશો અથવા તમારા પર ફોજદારી કાર્યવાહી થઈ શકે.

- જે લાભો તમારા પરિવારને ન મળવા જોઈએ તે લાભો મેળવવા માટે ખોટી માહિતી આપવી નહિ અથવા માહિતી છૂપાવવી નહીં.
- જે ફૂડ સ્ટેમ્પ અથવા EBT કાર્ડ તમારું ન હોય તે ના વાપરો અને તમારું કાર્ડ બીજાને વાપરવા ન આપો.
- બીયર, વાઇન, દારૂ, સિગરેટ, તમાકુ, પાળેલાં પ્રાણીઓ નો ખોરાક, સાબુ, પેપર  અને ઘરગથ્થુ પુરવઠા જેવા અખાદ્ય વસ્તુઓ ખરીદવા માટે ફૂડ સ્ટેમ્પ્સનો ઉપયોગ કરશો નહીં.
- ગેરકાયદેસર વસ્તુઓ; જેમકે હથિયારો, દારૂગોળો અથવા નિયંત્રિત પદાર્થો (ગેરકાયદેસર દવાઓ) માટે ફૂડ સ્ટેમ્પ્સ અથવા EBT કાર્ડનો વેપાર કે વેચાણ ન કરો.

- તમારા લાભો સાથે ક્રેડિટ પર ખાદ્ય પ્રદાર્થ ખરીદવા માટે ફૂડ સ્ટેમ્પ્સનો ઉપયોગ કરશો નહીં.

**નિયમોનો જાણી જોઈને ભંગ કરનાર પરિવારના સભ્ય એક વર્ષ અથવા કાયમ માટે કાર્યક્રમમાંથી ગેરલાયક ઠરી શકે છે, $250,000 સુધીનો દંડ, 20 વર્ષ સુધીની જેલ અથવા બન્ને થઇ શકે છે. તેમની / તેણી પર લાગુ પડતા બીજા ફેડરલ અને રાજ્ય કાયદા હેઠળ ફોજદારી કાર્યવાહી થઈ શકે .જો કોર્ટનો આદેશ હોય તો તેને/તેણીને વધારાના 18 મહિના માટે ફુડ સ્ટેમ્પ પ્રોગ્રામમાંથી પણ બાધિત કરી શકાય છે..**

**નિયમોનો જાણી જોઈને ભંગ કરનાર કોઈ પણ પરિવારના સભ્યને પહેલા ગુના માટે એક વર્ષ, બીજા ગુના માટે બે વર્ષ અને ત્રીજા ગુના પછી કાયમ માટે ફૂડ સ્ટેમ્પ નહિ મળે.**
**જો તમે અથવા તમારા પરિવારના કોઈ સભ્ય કોર્ટમાં નિયંત્રિત પદાર્થોનાં વેચાણમાં સામેલ કોઈ લેવડદેવડમાં ફૂડ સ્ટેમ્પ લાભો વાપરવા કે મેળવવામાં ગુનેગાર સાબિત થાવ, તો પહેલા ગુના માટે બે વર્ષ, અને બીજા ગુના પછી કાયમ માટે લાભો નહિ મળે.**

**જો તમે અથવા તમારા પરિવારના કોઈ સભ્ય કોર્ટમાં હથિયારો, દારૂગોળો અથવા વિસ્ફોટકોનાં વેચાણમાં સામેલ કોઈ લેવડદેવડમાં ફૂડ સ્ટેમ્પ લાભો વાપરવા કે મેળવવામાં ગુનેગાર સાબિત થાવ, તો તમે કે તે પરિવાર સભ્ય આ ઉલ્લંઘનના પ્રથમ ગુનાથી કાયમ માટે ફૂડ સ્ટેમ્પ કાર્યક્રમમાં સામેલ થવા માટે અયોગ્ય થશો.**

**જો કોર્ટમાં તમે અથવા તમારા પરિવારના કોઈ સનેભ્ય $ 500 કે તેનાથી વધુના લાભોની હેરાફેરીનાં ગુનેગાર સાબિત થાવ, તો તમે કે તે પરિવારનો સભ્ય આ ઉલ્લંઘનના પ્રથમ ગુનાથી ફૂડ સ્ટેમ્પ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કાયમી અયોગ્ય રહેશો..**

**જો તમે અથવા તમારા પરિવારના કોઈ સભ્ય કોર્ટમાં વધુ લાભો મેળવવા માટે જાણી જોઈને પોતાની ઓળખ (તેઓ કોણ છે) અથવા રહેઠાણ (તેઓ ક્યાં રહે છે) અંગે ખોટા નિવેદનો કે રજૂઆતમાં ગુનેગાર સાબિત થાવ, તો પહેલા ગુના પછી 10 વર્ષ સુધી ફૂડ સ્ટેમ્પ કાર્યક્રમમાં સામેલ થવા માટે યોગ્ય નહિ રહો.**

**પરિવારને લાભો ક્યારે ઉપલબ્ધ થાય છે?**

લાભો તમારા EBT ખાતામાં દર મહિનાની 5મી તારીખથી 23મી સુધીમાં જમા કરવામાં આવે છે. તમારા લાભોનો ઉપયોગ કરવા માટે તમારી પાસે EBT કાર્ડ અને PIN હોવા જોઇએ. જો તમારું EBT કાર્ડ ખોવાઇ જાય અથવા ચોરાઇ જાય અથવા તમે તમારો PIN ભૂલી જાવ, તો EBT કસ્ટમર કેર હેલ્પ લાઇનને 1-888-421-3281 નંબર પર ફોન કરો. તમારું ખોવાયેલું કે ચોરાયેલું કાર્ડ રદ કરવામાં આવશે. તમારા પરિવારને નવું EBT કાર્ડ અને/અથવા PIN આપવામાં આવશે. તમારા EBT ખાતા અંગે ઓનલાઇન માહિતી મેળવવા માટે www.ebt.acs-inc.com પર લોગ-ઓન કરો. તમે તમારા કાર્ડ નંબર અને પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (PIN)નો ઉપયોગ કરીનેઃ

- તમારા ખાતાની સિલક તપાસી શકો છો
- તમારી લેવડદેવડનો ઈતિહાસ જોઈ શકો છો
- તમારો PIN બદલી શકો છો
- કસ્ટમર સર્વિસનો સંપર્ક કરી શકો છો

તમારી માહિતીનો ઉપયોગ કરવા તમારી પાસે તમારો કાર્ડ નંબર તૈયાર હોવો જ જોઇએ. તમારા EBT કાર્ડ અને PIN ને સલામત સ્થળે રાખવાનું યાદ રાખો. જો કોઇ વ્યક્તિને તમારું EBT કાર્ડ અને PIN મળે તો તે તમારા લાભો મેળવી શકે છે. DFCS તમારા EBT ખાતામાંથી વપરાયેલા લાભોની ભરપાઇ કરતું **નથી**.

**તમને અધિકાર છેઃ**

- તમે માંગો તે જ દિવસે અરજી મેળવવાનો.
- તમે તમારી અરજી દાખલ કરો ત્યારે તેની સ્વીકૃતીનો.
- જો તમે ફૂડ સ્ટેમ્પ કચેરી સુધી ના જઇ શકતા હો તો તમારા માટે કોઇ પુખ્ત વ્યક્તિ અરજી કરે તેનો.
- જો તમે 60 વર્ષ અથવા તેનાથી વધુ ઉંમરના અથવા વિકલાંગ હો અને તમારા માટે અરજી કરવા માટે કોઇને શોધી ના શકો, તો ઘરે મુલાકાત અથવા ટેલિફોન ઇન્ટર્વ્યૂ કરાવવાનો.
- જો લાયક હો, તો તમે તમારી અરજી દાખલ કરો તે તારીખથી 30 દિવસની અંદર તમારું EBT કાર્ડ અને PIN મેળવવાનો, અથવા
- જો વિસ્તૃત સેવાઓ માટે લાયક હોય તો, તમે તમારી અરજી ફાઇલ કરો છો તે તારીખના 7 દિવસની અંદર તમારા EBT કાર્ડ અને PIN મેળવો,
- વય, જાતિ, વંશ, રંગ, વિકલાંગતા, ધાર્મિક સંપ્રદાય, રાષ્ટ્રીય મૂળ, અથવા રાજનીતિક માન્યતાઓના ભેદભાવ વગર યોગ્ય વર્તાવ મેળવવાનો.
- જો તમારા કેસ પર લેવાયેલા કોઇ પગલા સાથે તમે અસંમત હો તો ન્યાયી સુનાવણી મેળવવાનો.
- તમારી કેસ ફાઇલ અને કાર્યક્રમના નિયમોની ચકાસણી કરવાનો.
- ફેરફારની લેખિત નોંધ ન થાય તે કારણે જો તમારા લાભો ઘટાડવામાં આવે અથવા અટકાવવામાં આવે તો આગોતરી સૂચના મેળવવાનો.

કુટુંબ અને બાળ સેવાઓનો વિભાગ એજન્સીની સેવાઓ માટે કોઇ પણ અરજદાર અથવા ગ્રાહકને વંશ, રંગ, જાતિ, વય, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, રાજનીતિક જોડાણના આધારે અથવા વિકલાંગને સહભાગિતામાંથી બાકાત ન રાખે, તેઓને લાભો નકારે નહિ તે જરૂરી છે, અન્યથા વિભાગ દ્વારા હાથ ધરાતા કે સહાય કરાતા કોઇ પણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિ હેઠળ ભેદભાવને આધિન રહેશે. આ વિભાગ જે વ્યક્તિઓ, બાળસંભાળ સુવિધાઓ અને અન્ય એજન્સીઓ/સંસ્થાઓની ભલામણ કરે અથવા તેઓ પાસેથી સેવા ખરીદે તેમાં આ જરૂરિયાતો લાગુ પડે છે.

સંઘીય નાગરિક અધિકાર કાયદો અને U.S. ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચરના (USDA) નાગરિક અધિકાર

નિયમો અને નીતિ અંતર્ગત આ સંસ્થા, USDA, તેની એજન્સી, ઓફિસ અને કર્મચારીઓ, અને સંસ્થાઓ જે USDA કાર્યક્રમમાં ભાગ લઈ રહી હોય અથવા સંચાલન કરી રહી હોય તેઓ પર USDA દ્વારા કરવામાં આવેલ અથવા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હોય તેવા પૂર્વ નાગરિક અધિકાર પ્રવૃતિના કોઈપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં વંશ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ, ધાર્મિક સંપ્રદાય, વિકલાંગતા, વય, રાજકીય માન્યતાઓ અથવા વેર, અથવા બદલાના આધારે ભેદભાવ કરવાનો પ્રતિબંધ ઠરાવવામાં આવે છે.

કાર્યક્રમની માહિતી માટે જે અપંગ વ્યક્તિઓને સંદેશાવ્યવહારના વૈકલ્પિક માર્ગ (દા.ત.બ્રેઇલ, મોટી પ્રિન્ટ, ઓડિયો ટેપ, અમેરિકી સાંકેતિક ભાષા, વગેરે) ની જરૂર હોય તો તેઓએ લાભ માટે જ્યાં અરજી કરી હોય તે એજન્સી (રાજ્ય અથવા સ્થાનિક) નો સંપર્ક કરવો જોઈએ. જે વ્યક્તિઓને સાંભળવામાં તકલીફ હોય, ઓછું સંભળાતું હોય અથવા બહેરા હોય અથવા બોલવામાં મુશ્કેલી હોય તેઓ (800) 877-8339 નંબર પર સંઘીય પ્રસારણ સેવા દ્વારા USDA નો સંપર્ક કરી શકે છે. વધુમાં, કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવી શકે છે.

કાર્યક્રમમાં ભેદભાવની ફરિયાદ દાખલ કરવા માટે તમે ઓનલાઇન http://www.ascr.usda.gov/complaint_filing_cust.html, પર USDA Program Discrimination Complaint Form, (AD-3027) ભરો અથવા USDA ના કોઈપણ કાર્યાલયમાં અથવા USDA નાં સરનામાં પર ફોર્મમાં માંગેલી તમામ વિગતો એક પત્રમાં લખીને મોકલી શકો છો. ફોર્મની કોપી મેળવવા (866) 632-9992 નંબર પર સંપર્ક કરો. ભરેલું ફોર્મ અથવા પત્ર ટપાલ મારફતે USDA ને નીચે મુજબ મોકલો. (1) ટપાલ: U.S. Department of Agriculture, Office of the Assistant Secretary for Civil Rights, 1400 Independence Avenue, SW, Washington, D.C. 20250-9410; (2) ફેક્સ: (202) 690-7442 અથવા (3) ઇ-મેઇલ: program.intake@usda.gov.

આ સંસ્થા એક સરખી તક પૂરી પાડે છે.

તમે ભેદભાવની ફરિયાદ અહીં સંપર્ક કરીને પણ નોંધાવી શકો છોઃ DFCS Civil Rights Program, Two Peachtree Street, N.W., Suite 19-248, Atlanta, Georgia 30303 અથવા ફોન કરો: (404) 657-3735 અથવા ફેક્સ કરો: (404) 463-3978. અંગ્રેજીમાં મર્યાદિત નિપુણતા ધરાવનાર અને સંવેદનાત્મક અશક્ત લોકોની સેવાઓ માટે સંપર્ક કરો, DHS Limited English Proficiency and Sensory Impaired Program, Two Peachtree Street, N.W., Suite 29-103 N.W., Atlanta, GA 30303 અથવા ફોન કરો: (404)-657-5244 અથવા ફેક્સ કરો: (404)-651-6815.

કુટુંબ અને બાળ સેવાઓનો વિભાગ તમને સમસ્યાઓમાં મદદ કરવા અને ફૂડ સ્ટેમ્પ લાભો અંગે તમને કોઇ વધારાના સવાલો હોય તો તેના જવાબ આપવા ઉપલબ્ધ છે. કૃપા કરી નીચે આપેલ નંબર ઉપર ફોન કરો.

**ટોલ ફ્રી નંબર 1-877-423-4746**